**ભરતી માટેની જાહેરાત**

**પી.એમ.પોષણ યોજના , બ્લોક-સી, સી-૧૦૬, ૧ લો માળ , કલેકટર કચેરી સાબરકાંઠા**

**સાબરકાંઠા જિલ્લામાં પી.એમ.પોષણ યોજના હેઠળ ૧૧ માસની કરાર આધારિત**

**જગ્યા ભરવાની જાહેરાત (વર્ષ-૨૦૨૪-૨૫)**

યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારો પાસેથી જિલ્લા કક્ષાની તેમજ તાલુકા કક્ષાની કચેરીઓમાં ૧૧ માસના કરાર આધારિત ભરતી માટે નીચે મુજબની જગ્યાઓ માટે અરજી આવકાર્ય છે.

| ક્રમ | જગ્યાનું નામ | જગ્યાની સંખ્યા | માસિક મહેનતાણું |
|---|---|---|---|
| ૧ | જિલ્લા પ્રોજેક્ટ કો-ઓર્ડિનેટર | ૧ | રૂા.૧૫,૦૦૦ ફિક્સ |
| ૨ | તાલુકા એમ.ડી.એમ. સુપરવાઇઝર | ૭ | રૂા.૧૫,૦૦૦ ફિક્સ |

પી.એમ.પોષણ યોજનામાં જિલ્લા કક્ષાએ જિલ્લા પ્રોજેક્ટ કો-ઓર્ડિનેટર અને તાલુકા કક્ષાએ તાલુકા એમ.ડી.એમ સુપરવાઇઝરની ૧૧ માસના કરાર આધારિત ભરતી માટે પસંદગી કરવા માટે યોગ્ય લાયકાતો અને પુરતો અનુભવ ધરાવતા ઉમેદવારો પાસેથી અરજીઓ મંગાવવામાં આવે છે. અરજી ફોર્મ, નિમણૂંક માટેની લાયકાત અને શરતો જિલ્લા પુરવઠા અધિકારી, પી.એમ.પોષણ યોજનાની કચેરીમાંથી મેળવી શકાશે. નિયત નમૂનામાં અરજી રૂબરૂમાં, સાદી ટપાલથી કે રજીસ્ટર પોસ્ટ એ.ડી/ સ્પીડ પોસ્ટથી જિલ્લા પુરવઠા અધિકારીની કચેરી, પી.એમ.પોષણ યોજના શાખા કલેકટર કચેરી, પોલોગ્રાઉન્ડ હિમતનગર, સાબરકાંઠા ખાતે તા.૧૯/૦૯/૨૦૨૪ના રોજ ૧૮:૧૦ કલાક સુધીમાં મળી જાય તે રીતે મોકલી આપવાની રહેશે.નિયત સમયબાદ મળેલ અરજીઓ માન્ય ગણાશે નહી. અરજી કરતાં પહેલાં ઉમેદવારે આ જગ્યાઓ માટેની આવશ્યક લાયકાત,વય મર્યાદા, અનુભવ,નિમણૂંકનો પ્રકાર અને મહેનતાણાં અંગેની સૂચનાઓ /માર્ગદર્શિકા જે **www.sabarkantha.gujarat.gov.in** પર ઉપલબ્ધ છે. આ જગ્યાઓ અંગેની પસંદગી યાદી જીલ્લા પુરવઠા અધિકારી, પી.એમ.પોષણ યોજના કચેરીના નોટીસ બોર્ડ ઉપર મુકવામાં આવશે. મેરીટમાં અગ્રતા મેળવેલ ઉમેદવારોના ઈન્ટરવ્યુ /પ્રમાણપત્રોની ચકાસણી માટે જિલ્લા પુરવઠા અધિકારી, પી.એમ.પોષણ યોજના ધ્વારા લેખિત/ઈ-મેઈલ ધ્વારા જણાવવામાં આવશે.

Patange
3/9/24

કલેકટર સાબરકાંઠા

Scanned with OKEN Scanner

MDM RECRUTMENT S.K

## જીલ્લા પુરવઠા અધિકારી, પી.એમ.પોષણ યોજના(મ.ભો.યો.) માં
## ૧૧ માસના કરાર આધારિત ભરતી માટેનું અરજી ફોર્મ

### સાબરકાંઠા જિલ્લો

અરજી કરવાની હોય તે જગ્યાનુ નામ :...................................................................

(૧) અરજદારનું પુરેપુરૂ નામ :...................................................................
પહેલાં અટક લખવી

(૨) પત્ર વ્યવહારનું સરનામુ :...................................................................

મોબાઈલ નંબર/ઇ-મેલ આઈ.ડી :...................................................................

(૩) જન્મ તારીખ :...................................................................

(૪) જાતિ :...................................................................

(૫) શૈક્ષણિક લાયકાત ::-

| ક્રમ | પદવી | બોર્ડ/યુનિવસિટી નું નામ | પરીક્ષા પાસ કર્યાનુ વર્ષ | કુલ ગુણ | મેળવેલ ગુણ | ટકાવારી |
|---|---|---|---|---|---|---|
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |

નોંધ :- સ્કૂલ લીવીંગ સર્ટીફિકેટ , લાયકાત, સી.સી.સી. તેમજ અનુભવના પ્રમાણપત્રોની નકલો સાથે બિડવાની રહેશે.

(૬) સી.સી.સી. પરીક્ષાની વિગત :...................................................................

(૭) અનુભવ:

(૧) વહીવટી અનુભવ વર્ષ...........માસ.............દિવસ...........

(૨) મધ્યાહન ભોજન યોજનાની કામગીરીનો અનુભવ વર્ષ...........માસ.............દિવસ...........

(૮) કોમ્પ્યુટરની જાણકારી :...................................................................

(૯) અન્ય :-...................................................................

### બાંહેધરીપત્ર

અરજીમાં દર્શાવેલ તમામ વિગતો સાચી અને ખરી છે. અને પાછળથી કોઈ માહિતી ખોટી જણાશે તો કચેરી ધ્વારા મારી સામે જે કંઈ પગલાં કે કાર્યવાહી કરવામાં આવશે તે મને બંધનકર્તા રહેશે.

(ઉમેદવારની સહી)

Scanned with OKEN Scanner

# જિલ્લા કક્ષાએ કલેકટરશ્રીના અધ્યક્ષપણાની સમિતિ ધ્વારા પી.એમ.પોષણ યોજના(મ.ભો.યો.) હેઠળ ૧૧ માસના કરાર આધારિત કર્મચારીઓની ભરતી અંગેની માર્ગદર્શક સૂચનાઓ.

## (૧) પ્રોજેકટ કો-ઓર્ડીનેટરઃ- માસિક વેતન રૂા.૧૫,૦૦૦/-

**શૈક્ષણિક લાયકાતઃ**

(૧) માન્ય યુનિવર્સિટીમાંથી ૫૦ % ગુણાંકન સાથેની સ્નાતકની પદવી.
(૨) સરકાર માન્ય સંસ્થામાંથી સી.સી.સી.ની પરીક્ષા પાસ કરેલ હોવી જોઈએ તેમજ ઉમેદવારના કોમ્પ્યુટરના જ્ઞાનની ચકાસણી પ્રેકટીકલ ટેસ્ટ લઈને કરવાની રહેશે.
(૩) માન્ય યુનિવર્સિટીમાંથી **એમ.સી.એ.**ની ડીગ્રીવાળાને અગ્રીમતા આપવી.

**અનુભવ ::-**

(૧) ડેટા એન્ટ્રી ઓપરેટર તરીકેનો ઓછામાં ઓછો ૨ વર્ષનો અનુભવ ફરજીયાત.
(૨) ડી.ટી.પી.(ડેસ્કટોપ પબ્લિકેશન)ઓપરેટર તરીકેનો અનુભવ આદર્શ ગણાશે.
(૩) આસિસ્ટન્ટ તરીકેનો વહીવટી અનુભવ ધરાવનારને અગ્રીમતા આપવી.
(૪) પી.એમ.પોષણ યોજના( મ.ભો.યો) નો અનુભવ ધરાવનારને પ્રથમ અગ્રીમતા આપવામાં આવશે.

**વયમર્યાદા :-**

(૧) અરજી કરવાની છેલ્લી તારીખે ૧૮ વર્ષથી ઓછી કે ૫૮ વર્ષથી વધુ ન હોવી જોઈએ.

**ફરજ બજાવવાની કામગીરીઃ-**

(૧) પી.એમ.પોષણ યોજના( મ.ભો.યો)ના સુચારૂ સંચાલન માટેના રીપોર્ટ તૈયાર કરવા.
(૨) તાલુકા કક્ષાએથી માહિતી મેળવવી તેનુ એકત્રીકરણ કરવું અને રાજય કક્ષાએ રજુ કરવું.
(૩) કવાર્ટરલી પ્રોગ્રેસ રીપોર્ટ તૈયાર કરવા અને રાજય કક્ષાએ રજુ કરવા.
(૪) માસિક પત્રકો(લાભાર્થી,ખર્ચ,દૂધ,સુખડી,મહેકમના લગતા કેન્દ્ર કક્ષાના માનદવેતન ધારકો અંગેની માહિતી વિગેરે)તૈયાર કરવી.
(૫) પી.એમ.પોષણ યોજના( મ.ભો.યો) અંગેની સોપવામાં આવે તે તમામ કામગીરી કરવી.
(૬) જીલ્લા પુરવઠા અધિકારીશ્રી , પી.એમ.પોષણ યોજના ધ્વારા સોપવામાં આવે તે મ.ભો.યો.ની તમામ કામગીરી કરવી.

## (૨) તાલુકા એમ.ડી.એમ. સુપરવાઇઝર : માસિક વેતન રૂા.૧૫,૦૦૦/- (નાયબ મામલતદાર,મ.ભો.યો. અને કેળવણી નિરીક્ષકની ખાલી જગ્યા.)

**શૈક્ષણિક લાયકાતઃ**

(૧) **માન્ય યુનિવર્સિટીમાંથી ગ્રેજયુએટ ઈન હોમ સાયન્સ/ફૂડ એન્ડ ન્યુટ્રીશીયન/સાયન્સની ડીગ્રી.**
(૨) ઉમેદવારના કોમ્પ્યુટરના જ્ઞાનની ચકાસણી પ્રેકટીકલ ટેસ્ટ લઈને કરવાની રહેશે.

**અનુભવ ::-**

(૧) ૨ થી ૩ વર્ષનો વહીવટી કામગીરીનો અનુભવ.
(૨) પી.એમ.પોષણ યોજના( મ.ભો.યો) ના અનુભવવાળાને પ્રથમ અગ્રીમતા આપવામાં આવશે.

**વયમર્યાદા :-**

(૧) અરજી કરવાની છેલ્લી તારીખે ૧૮ વર્ષથી ઓછી કે ૫૮ વર્ષથી વધુ ન હોવી જોઈએ.

**ફરજ બજાવવાની કામગીરીઃ-**

(૧) નાયબ મામલતદાર/કેળવણી નિરીક્ષક(મ.ભો.યો)ની તમામ કામગીરી બજાવવાની રહેશે.
(૨) પી.એમ.પોષણ યોજના( મ.ભો.યો) ,દૂધ સંજીવની યોજના,સુખડી,આદિજાતિ બાળાઓના વાલીઓને વિના મૂલ્યે અનાજ યોજના તેમજ યોજનાનુ સુચારૂ સંચાલન/નિયંત્રણ કરવું.
(૩) મધ્યાહન ભોજન કેન્દ્રોની તપાસણી કરવી.
(૪) પી.એમ.પોષણ યોજના( મ.ભો.યો) ના રીપોર્ટ તૈયાર કરવા અને જિલ્લા કક્ષાએ રજુ કરવા.
(૫) માસિક પત્રકો(લાભાર્થી,ખર્ચ,દૂધ,સુખડી,મહેકમના લગતા કેન્દ્ર કક્ષાના માનદવેતન ધારકો અંગેની માહિતી વિગેરે)તૈયાર કરવી.
(૬) પી.એમ.પોષણ યોજના( મ.ભો.યો) અંગેની સોપવામાં આવે તે તમામ કામગીરી કરવી.

Scanned with OKEN Scanner

(૭) જીલ્લા પુરવઠા અધિકારીશ્રી , પી.એમ.પોષણ યોજના ધ્વારા સોપવામાં આવે તે મ.ભો.યો.ની તમામ કામગીરી કરવી.

## ૧૧ માસના સમય માટે કરારના ધોરણે અપાતી/માનદવેતનથી નિમણૂંકો અંગેની બોલીઓ અને શરતો.

૧. શ્રી.......................................ને કરારના સમયગાળા દરમ્યાન રૂા.........................ના માસિક ફિકસ પગાર/માનદવેતન મળશે. તેઓની નિમણૂંક કરારના ધોરણે ગણવામાં આવશે. તથા કરારની મુદત ૧૧ માસની રહેશે.

૨. ઉભયપક્ષે એક માસની નોટીસ અથવા એક માસની ફિકસ પગારની રકમ/માનદવેતન સાથેનો નોટીસ પગાર આપીને કરારનો અંત લાવી શકાશે.

૩. નિયત ફિકસ પગાર/માનદવેતન પર કોઈ પણ જાતના ભથ્થાં મળવાપાત્ર થશે નહી.

૪. કરારના સમયગાળા દરમ્યાન શ્રી...........................................ને ફિકસ પગાર/માનદવેતનમાં કોઈ પણ પ્રકારનો વધારો કે ઈજાફો મળવાપાત્ર થશે નહી. મોંઘવારી ભથ્થું,વચગાળાની રાહત અથવા પગાર પંચના બીજા લાભો કે સેવા વિષયક અન્ય કોઈ લાભો મળવાપાત્ર થશે નહી.

૫. કરારના સમયગાળા દરમ્યાન મેડીકલ રીએમ્બેસમેન્ટ મળવાપાત્ર થશે નહી.

૬. કરારના સમયગાળા દરમ્યાન બજાવેલ સેવા/નોકરી પેન્શન,બોનસ/એલ.ટી.સી,એન્કેશમેન્ટ ઓફ લીવ,પેશગી કે તેવા અન્ય કોઈ નાણાંકીય લાભો સરકારશ્રી પાસેથી મેળવવાને પાત્ર ગણાશે નહી.

૭. કરારના સમયગાળા દરમ્યાન કર્મચારીનું અવસાન થાય તો તેમણે બજાવેલી ફરજના સમયગાળાની ફિકસ પગાર/માનદવેતનની લેણી રકમ કર્મચારીના કુંટુંમ્બીજનોને મળવાપાત્ર થશે. પરંતુ બીજા લાભ એકસગ્રેસીયા લાભ કે રહેમરાહે નોકરી જેવા આનુષાંગિક લાભ મળવાપાત્ર થશે નહી.

૮. શ્રી.....................................ને સમાન સંવર્ગના અધિકારીએ જે ફરજો બજાવવાની થતી હોય તેવી ફરજો બજાવવાની રહેશે. તે માટે કચેરીમાં ફરજ પાલનનો જે સમય નિયત કરેલ હોય તે સમય પ્રમાણે કચેરીમાં હાજરી આપવાની રહેશે. તેમજ પ્રાઈવેટ પ્રેકટીસ કે અન્યત્ર પાર્ટ ટાઈમ નોકરી કરી શકાશે નહી. જાહેર રજાના દિવસોએ પણ સરકારી કામગીરીની જરૂરીયાતને અનુલક્ષીને ફરજ બજાવવા જણાવવામાં આવે તો તે મુજબ ફરજ બજાવવાની રહેશે. રાજકીય પ્રવૃત્તિમાં ભાગ લઈ શકાશે નહી.

૯. શ્રી.....................................ને કરારના સમયગાળા દરમ્યાન વાર્ષિક ધોરણે ૧૧ પરચૂરણ રજા મળવાપાત્ર થશે. અન્ય કોઈ રજા મળવાપાત્ર થશે નહી. તે સિવાયની રજા ભોગવશે તો તે રજાના દિવસનો પગાર કપાત કરી લેવામાં આવશે. મહિલા કર્મચારીને પ્રસુતિની રજાઓનુ વેતન ચૂકવી શકાશે નહી.

૧૦. શ્રી.....................................એ કાર્યમથક પર રહેઠાણે રહેવાનુ ફરજીયાત રહેશે અને અધિકૃત

Scanned with OKEN Scanner

અધિકારીની પરવાનગી વગર મુખ્યમથક છોડી શકાશે નહી.

૧૧. ફરજના ભાગરૂપે મુખ્યમથકથી આઠ કિ.મી. બહાર જવાનું થાય તો ૬ કલાકથી વધુ અને ૧૨ કલાક સુધીના રોકાણ માટે રૂા.૧૫/- અને ૧૨ કલાકથી વધુ સમય માટે રૂા.૩૦/- દૈનિક ભથ્થુ મળવાપાત્ર થશે તેમજ મુસાફરી ભાડા પેટે એસ.ટી.બસ/રેલ્વેનુ ભાડું મળવાપાત્ર થશે.

૧૨. કરારના સમયગાળા દરમ્યાનની અસંતોષકારક કામગીરી કે અશિસ્ત બદલ કોઈપણ જાતની નોટીસ આપ્યા સિવાય કોઈ પણ સમયે નોકરી સમાપ્ત કરવામાં આવશે.

૧૩. સરકારશ્રી તરફથી વહીવટી હિતમાં બીજી કોઈ જરૂરી શરતો નકકી થાય તો તે પણ બંધનકર્તા રહેશે.

૧૪. વ્યવસાય વેરાની કપાત નિયમોનુસાર ફિક્સ પગાર/માનદવેતનમાંથી કરી લેવાની રહેશે.

૧૫. નિમણૂંકના સમય દરમ્યાન તેમણે બજાવેલ સરકારી સેવાની બાબત અંગે કોઈ પણ પ્રકારની ફોજદારી કે દિવાની કાર્યવાહી સબબ રાજય સરકારની કોઈ જવાબદારી રહેશે નહી.

૧૬. કરાર આધારિત ઉચ્ચક વેતનથી/માનદવેતનથી નિમણૂંક પામેલ વ્યકિતને સરકારી મહેકમ ઉપર સમાવિષ્ટ થવા માટેનો કઈ હક પ્રાપ્ત થશે નહી.

૧૭. ઉપકોરત શરતો નિમણૂંક પામનાર વ્યકિતને સ્વિકાર્ય છે તે અંગેનુ સંમતિપત્રક મેળવવાનુ રહેશે.

૧૮. આ ભરતી જે તે સંવર્ગના ભરતી નિયમો અનુસાર યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારોથી ભરતીની નિયત કરાયેલ પ્રક્રિયાને અનુસરીને જ કરવાની રહેશે. અને નિયત અરજીપત્રકમાં આ શરતોનો સમાવેશ કરવાનો રહેશે.

૧૯. આ કરાર આધારિત ફરજ ઉપર જોડાતાં પહેલા શારિરીક યોગ્યતા અંગેનુ પ્રમાણપત્ર રજુ કરવાનુ રહેશે.

૨૦. કરારથી ફિક્સ પગારથી/માનદવેતનથી જોડાનાર વ્યકિતએ કરાર કરવાનુ સ્વીકારતાં પહેલાં તેમની સેવા લેનાર સત્તાધિકારીને યોગ્ય લાગે તો પર્સનલ એકસીડન્ટ યોજના અંતર્ગત વીમો મેળવી લેવાનો,અદ્યતન કરાવવવાનો તથા તેનો આધાર કચેરીમાં રજુ કરવાનો રહેશે. આ અંગે વીમાના પ્રિમીયમનો ખર્ચ કચેરી ધ્વારા ભોગવવામાં આવશે નહિ.

૨૧. ઠરાવની જોગવાઈ મુજબ જો નિયમિત કર્મચારીની નિમણૂંક કરવામાં આવશે તો તે જગ્યા રદ થશે અને મારી નોકરીનો અંત થશે તે બાબતે કોઈપણ દિવાની કે કાયદાકીય કાર્યવાહી કરીશુ નહી તેની અમો બાંહેધરી આપીએ છીએ. તેમ છતાં આવી કોઈ કાર્યવાહી કરવામાં આવે તો અમારી નિમણૂંક આપોઆપ રદ થવાને પાત્ર ગણાશે.

**(ઉમેદવારની સહી)**

Scanned with OKEN Scanner